# રામભરોસે ચાલતું ધાનેરા વિધુત બોર્ડ : પહેલા જ વરસાદ વીજળી ડૂલ થતા ખેડૂતો પરેશાન

### લોકોનું ટોળું વિધુત બોર્ડમાં રજૂઆત કરવા આવ્યું ત્યારે વિધુત બોર્ડની ઓફિસે ખંભાતી તાળું



ધાનેરા વિસ્તારમાં વરસાદને લઈ વીજળી ડૂલ થઈ જતા ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ઉશ્કેરાયેલા ખેડૂતોનું ટોળું ધાનેરા વિધુતબોર્ડ માં રજૂઆત કરવા માટે પહોંચ્યું તો ત્યાં ખંભાતી તાળા જોવા મળ્યા હતા અને લોકોને નિરાશ થઈ ઘરે જવું પડ્યું હતું.

ધાનેરા વિસ્તાર માં લાંબા સમય બાદ મેઘરાજા એ મહેર કરી હતી અને મેઘરાજા મનમુકીને વરસ્યા હતા ત્યારે ખેડૂતોમાં ખુબજ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ સાથે સાથે ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ધાનેરા તાલુકાના ધાખા ગામે વરસાદ ને લઈ રાજેશ્વર ફીડરમાં ફોલ્ટ થયો હતો વીજળી ડૂલ થતા વીજ કર્મચારીઓ આવ્યા હતા અધવચ્ચેથી લાઈન કાપી બાકીની લાઈટ ચાલુ કરી ચાલતી પકડી હતી ત્યારે અન્ય જગ્યા ઉપર લાઈટ બંધ રહેતા લોકોએ રજૂઆત કરી



હતી પરંતુ સવારે બંધ થયેલી લાઈટ રાત્રે બાર વાગ્યા સુધી પણ ચાલુ પણ થતા ખેડૂતો ને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ત્યાર બાદ વીજ કર્મચારીઓએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું વીજ કર્મચારીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતા કંટાળેલા ખેડૂતો રજૂઆત કરવા માટે ધાનેરા વિધુતબોર્ડ માં આવ્યા હતા પરંતુ ધાનેરા વિધુત બોર્ડની ઓફિસમાં ખંભાતી તાળા જોઈ ખેડૂતો પરત ફરવું પડ્યું હતું પહેલાજ વરસાદ માં વીજ કંપની કામગીરીની પોલ ખુલી જવા પામી હતી અને તે બાદ વીજ કર્મચારીઓ પોતાના હાથ અધ્ધર કરી ફોન બંધ કરી દીધા હતા ત્યારે ખેડૂતો ને ભારે મુશ્કેલી સાથે રાત વિતાવવાનો વારો આવ્યો હતો આ તો વાત હતી માત્ર ધાનેરા તાલુકાના ધાખા ગામની પણ અન્ય જગ્યાએ પણ વરસાદને લાઈટ બંધ થઈ હતી અને લોકોને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે આ બાબતે તંત્ર જાગે અને કાયદેસર ની કાર્યવાહી કરે તેવી ખેડૂતોની માંગ ઉઠવા પામી છે.

# ઊંઝાના ઐઠોર ગામે પત્ની પર હુમલાના કેસમાં પતિને બે વર્ષની સજા

ઊંઝા, તા. ૧૬

ઊંઝા નજીકના ઐઠોર ગામે નવ વર્ષ પૂર્વે તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરવાના કેસમાં આરોપી પતિને બે વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા પાંચ હજારના દંડની સજાનો ઊંઝા કોર્ટે હૂકમ કર્યો છે.

વિગત એવી છે કે ઊંઝા નજીકના ઐઠોર ગામે રહેતા રાજુભાઈ કાશીરામભાઈ પટેલના આંગણમાં ગોળીઓ નાંખવા બાબતે ઠપકો આપતા ઉશ્કેરાયેલ દંપતિએ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરતાં રાજુભાઈને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. આ અંગે રાજુભાઈની ફરીયાદના આધારે પોલીસે આરોપીઓ કમલેશભાઈ મગનભાઈ પટેલ અને રેણુકાબેન કમલેશભાઈ પટેલ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા બી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ કરી નામદાર ઊંઝા કોર્ટમાં ચાર્જસીટ કર્યુ હતુ.

સદર કેસ નામદાર ઊંઝા કોર્ટના અધિક ચીફ જ્યુ. મેજી. હિરેન જે. ઠાકરે આરોપી પતિ કમલેશભાઈ મગનભાઈ પટેલને ઈ.પી.કો. કલમ ૩૨૪ અન્વયે બે વર્ષની સખત કેદ તથા પાંચ હજાર રૂપિયાના દંડની સજાનો હૂકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકિલ વિજયભાઈ બી. બારોટે ધારદાર દલીલો કરી હતી. સદર કેસમાં આરોપી પત્નિને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવામાં આવી હતી.

# મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે મેઘરાજાને રીઝવવા રામધૂન યોજાઈ

મોડાસા, તા. ૧૬

મોડાસાના માઝુમ નદીના કિનારે આવેલા અતિ પ્રાચીન કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરમાં મેઘરાજાને રીઝવવા રામધૂન ભજન મંડળ અને કાશીવિશ્વનાથ મંદિરના સંયુક્ત ઉપક્રમે સવારે ૮ કલાકેથી સાંજના ૬ વાગ્યા સુધી રામધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. રામધૂન બાદ સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના પ્રમુખ અને મંત્રી અને હોદેદારોના જણાવ્યા અનુસાર ૫૫ વર્ષથી મંદિર પરિસરમાં રામધૂન યોજાય છે.

# મોડાસાના હાર્દસમા ચાર રસ્તાથી સાંઈ મંદિર સુધી રોડ પર ઘસીયા (ચીલા) પડતા જોખમી બન્યો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સતત ટ્રાફિકથી ધમધમતા અને હાર્દસમા ચાર રસ્તાથી સાંઈ મંદિર સુધીના રોડ પર ઠેર ઠેર ઘસીયા (ચીલા) પડતા લપસણિયા બનતા પેદા થયા છે,

પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તાથી કલ્યાણ વિસ્તાર (હનુમાન ચોક) સુધી ચોમાસા અગાઉ નગરપાલિકાતંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ ગટરનું પટકાવાની અને ઈજાગ્રસ્ત બનતા હોવાની અનેક ઘટનાઓ બની રહી છે. તદઉપરાંત ઘસીયા (ચીલા)માં વાહનોના ટાયર પડતા અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા વાહનચાલકોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો જવાબદાર તંત્ર



વાહનચાલકો માટે જોખમ ભર્યા સાબિત થઈ રહ્યા છે દ્રિ-ચક્રી વાહનચાલકો લપસણિયા ચીલા પડતા રોડ પર પટકાતા અને અકસ્માતનો ભોગ બનાવની અનેક ઘટનાઓ બનતા વાહનચાલકોમાં રોષ ફેલાયો છે. ચાર રસ્તાથી સાંઈ મંદિર રોડ પર માર્ગ અને મકાન વિભાગની મુખ્ય કચેરીઓ, સર્કિટહાઉસ અને ડીએસપી કચેરી આવેલી હોવા છતાં રોડ રીપેર નહિ થતા જવાબદાર તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ નિર્માણ કરતા નિર્માણ સમયે ઉપયોગમાં લેવાયેલ હિટાચી અને જેસીબી મશીન અને મોટા કદના ભૂંગળાના વહન માટે ઉપયોગમાં લેવાયેલ વાહનોથી અને નબળી ગુણવત્તા ધરાવતા રોડ પર ઘસીયા (ચીલા) પડી જવાથી જવાબદાર તંત્ર દ્વારા રોડનું સમારકામ ન કરતા વાહનચાલકો માટે અકસ્માત ઝોન બની રહેતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. દ્રિ-ચક્રી વાહનચાલકો તો ઘસીયા (ચીલા)માં ટાયર પડતા અનેકવાર ચાલુ વાહને રોડ પર દ્વારા તાત્કાલિક રોડ પર પડેલા ઘસીયા (ચીલા)ની મરામત્ત કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે. દ્રિ-ચક્રી વાહનો સ્લીપ થતા હોવાથી વાહનચાલક માટે જાનનું જોખમ પેદા થતા કોઈ નિર્દોષ વાહનચાલકે જીવ ખોવાનો વારો તો નહિ આવેને..? રોડ પર પડેલ ઘીસીયા (ચીલા)ના લીધે વાહનચાલક માટે જોખમરૂપ સાબિત થાય તો જવાબદારી કોની જેવા અનેક સવાલો નગરજનોમાં ઉપસ્થિત થયા હતા.



# મહેસાણા જિલ્લામાં ઓરી-રૂબેલા રસીનો પ્રારંભ

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લાનાં ૯ માસથી ૧૫ વર્ષની ઉંમરના ૪.૮૭ લાખ બાળકોને મિઝલ્સ રૂબેલાની રસીથી સુરક્ષિત કરવામાં આવશે. જેનો પ્રારંભ આજે જિલ્લા પંચાયત પ્રમુખ શીલાબહેન પટેલ, જિલ્લા કલેકટર એચ.કે. પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી એમ. વાય. દક્ષિણીના અધ્યક્ષ સ્થાને સાર્વજનિક વિધાલય ખાતેથી કરવામાં આવ્યો હતો. ૯ માસથી ૧૫ વર્ષની ઉંમરના તમામ બાળકોને મિઝલ્સ રૂબેલાની રસીનું ઈન્જેકશન આપવામાં આવશે. આ અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લાનાં બાળકોને આ રસી દરેક સરકારી અને ખાનગી શાળાઓ, આંગણવાડી કેન્દ્રો અને આરોગ્ય કેન્દ્રો ખાતે મુકવામાં આવનાર છે.

# પ્રાંતિજના તાજપુર પાટીયા પાસે કન્ટેનરે કારને હડફેટે લેતા ચારને ઈજા

### કન્ટેનરચાલક અકસ્માત સર્જી કારની છત લઈ ફરાર

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર



તાજપુર પાસે વહેલી સવારે સીફટ કારને અજાણ્યા કન્ટેનર ચાલકે ટક્કર મારી કારમાં સવાર ચારને ઈજાઓ પહોચાડી અકસ્માત સર્જીને અકસ્માત સ્થળેથી ભાગી ગયો.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર પાટીયા પાસે સોમવારની વહેલી સવારે હિંમતનગર તરફથી અમદાવાદ અજાણ્યો કન્ટેનર ચાલક ફુલફાસ્ટ કન્ટેનર હંકારી લાવી સાઈડમાં જતી સીફટ કાર જીજે.૨૭.એપી.૪૪૪૯ને ટક્કર મારતાં કારની છત કન્ટેનર સાથે ભીડાઈ જતાં કન્ટેનર ચાલક કારને ૧૦૦ મીટર સુધી ઢસડી જઈ કારની છત લઈ કન્ટેનર ચાલક અકસ્માત સર્જીને અકસ્માત સ્થળેથી ભાગી ગયો હતો. અકસ્માત અંગેની જાણ આસપાસમા રહેતાં લોકોને થતાં તેવો અકસ્માત સ્થળે દોડી આવ્યા હતાં અને કારમાં લોહી લુહાણ કાર સવાર કાન્તીલાલ તેમજ અન્ય ત્રણ જણાંને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેવોને ૧૦૮ મારફતે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યાં હતાં તો ચારેય ઈજાગ્રસ્તો અમદાવાદના હોવાનું જાણવા મળ્યુ છે.

# અરવલ્લી જિલ્લામાં ઓરી અને રૂબેલા રસીકરણનો પ્રારંભ

### ગ્રામ્ય વિસ્તારો અને મોડાસાના લઘુમતી વિસ્તારોમાં રસીકરણને લઈને અફવા

મોડાસા, તા. ૧૬

ઓરી અને રૂબેલા નામના વાયરસથી ફેલાતા ચેપી રોગને અટકાવવા વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રમાણિત કરાયેલ એમ.આર. રસી જીલ્લાના ૯ માસથી ૧૫ વર્ષ સુધીના બાળકોને રસીકરણ આપવાના કેન્દ્ર અને રાજય આરોગ્ય વિભાગના રસીકરણ અભિયાન અંતર્ગત ૧૬ જુલાઈ સોમવારથી અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જીલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા મોડાસા શહેર સહીત જીલ્લાના તમામ વિસ્તારોમાં આંગણવાડીથી લઈને શાળામાં અભ્યાસ કરતા બાળકોને એમ.આર. ની રસી આપી બાળકોને ઓરી અને રૂબેલા ચેપી રોગ સામે રક્ષણ અપાયું હતું.



મોડાસા શહેરમાં કેટલાક અસામાજિક તત્વોએ સોશ્યલ મીડિયામાં એમ.આર. વેક્સિનેશન માટે પ્રજાજનોને ગેરમાર્ગે દોરાતા તરહ તરહના મેસેજ વાઈરલ કરતા લઘુમતી વિસ્તારમાં આવેલી શાળાઓમાં વાલીઓના ટોળેટોળા ઉમટ્યા હતા. શાળાના સંચાલકો, આરોગ્યવિભાગના કર્મચારીઓ અને શાળાના શિક્ષકોએ વાલીઓને સમજાવતા આખરે વાલીઓ રસીકરણ માટે તૈયાર થતા બાળકોને એમ.આર.ની રસી મુકવામાં આવી હતી.

મોડાસાના લઘુમતી સમાજના જાગૃત તબીબો, અગ્રણીઓ અને યુવાનોએ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ એમ.આર. રસીકરણના અફવા ફેલાવતા મેસેજથી દૂર રહેવા અને બાળકોને ફરજીયાત રસીકરણ કરવા માટે આહવાન કર્યું હતું.



# ધનસુરા તાલુકામાં ઓરી રૂબેલા રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ

ધનસુરા તાલુકામાં ઓરી રૂબેલાની રસીકરણનો કાર્યક્રમ શરૂ કરાયો હતો. રાષ્ટ્રવ્યાપી અભિયાન અંતર્ગત ઓરી તથા રૂબેલા સામે રક્ષણ મેળવવા માટે ઓરી રૂબેલા (એમ.આર.)ની રસી આપવાના કાર્યક્રમનો પ્રારંભ કરાયો છે. એમઆર અભિયાન દેશભરમાં ઓરીને નાબુદ કરવા તેમજ રૂબેલા તથા જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ (સીઆરએસ)ને નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે. દરેક બાળકો નું રસીકરણ થાય એ માટે આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યની વિવિધ ટીમો બનાવી દરેક શાળાઓમાં રસીકરણનો કાર્યક્રમ કરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ૯ મહિનાથી ૧૫ વર્ષની ઉંમર સુધીના બાળકોને આ રસી આપવામાં આવશે. જે બાળકોને અગાઉ એમ.આર. કે એમ.એમ.આર.ની રસી આપી દેવામાં આવી હોય તો પણ આપવામાં આવશે. ધનસુરા તાલુકામાં જે.એસ. મહેતા હાઈસ્કૂલ ખાતેથી આ કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો.

# ધાનેરામાં પહેલા જ વરસાદથી રસ્તા દબાઈ ગયા : ટ્રક ફસાતા ટ્રકચાલાક મુશ્કેલીમાં મુકાયો

ધાનેરામાં પહેલા જ વરસાદથી રસ્તા દબાઈ જવા પમાયું છે અને જાહેર રસ્તા ઉપર મોટા મોટા ભુંવા પડતા વાહન ચાલકો ને ભારે નુકશાન વેઠવાનો વારો આવી રહ્યો છે.

ધાનેરા જાહેર માર્ગો ઉપર મોટા મોટા ભુવા પડતા વાહનો ને પસાર થવું મુશ્કેલ બની ગયું છે ત્યારે આજે ધાનેરા તુલસી નગર નજીક ધાનેરા નેનવા હાઈવે રોડ ઉપર રોડ દબાઈ જતા એક તર્ક બેસી ગઈ હતીઅ ને ટ્રક ચાલાક ને કલાકો સુધી હેરાન થવું પડ્યું હતું તે બાદ મહા મહેનતે ટ્રર્ક બહાર નીકળી હતી પરંતુ ટ્રક માલિક ને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો ,,,,,દર ચોમાસા માં આજગ્યા ઉપર આવા બનાવો બને છે અને વાહન ચાલકો ને ભારે નુકશાન વેઠવાનો વારો આવતો હોય છે પરંતુ તંત્ર આંખ ખુલતી નથી માટે તંત્ર જો સારી કામગીરી કરાવે તો વાહન ચાલકોને ભારે નુકશાન વેઠવાનો વારો ના આવે,

# ખેડબ્રહ્મામાં ગાડી પાર્ક કરવા બાબતે સામસામી ફરિયાદ નોંધાઈ

ખેડબ્રહ્મા શહેરમાં સ્ટેટશન વિસ્તારમાં એક જ સમાજના બે પરિવાર ગાડી પાર્ક કરવાનાં મુદ્દે લડતા મામલો પોલીસ સ્ટેશન પહોચ્યો હતો.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર સ્ટેટશન વિસ્તારમાં રહેતા દીપકભાઈ કેવલભાઈ પ્રજાપતિના ઘર આગળ બાજુમાં રહેતા અંકિતભાઈ અમૃતભાઈ પ્રજાપતિ પોતાની ટાટા એઈસ ગાડી ઉભી રાખતા હોય ગાડીની આડ્સમાં બીજા માણસો ગંદકી કરી જતા હોઈ દીપકભાઈની બહેન દેવિકા એ ગાડી આ જગ્યાએ પાર્ક ન કરવાનું કહેતા અંકિતભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર મારવા લાગેલા અને અમરતભાઈ એ દીપકભાઈને માથાના ભાગે કુહાડી મારી અને સંતોષબેને લાકડી મારી ત્રણે જન માર મારવા લાગી બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમી આપી હતી જેથી દીપકભાઈ કેવલભાઈ પ્રજાપતિએ અંકિતભાઈ અમરતભાઈ પ્રજાપતિ, અમરતભાઈ રામસુખભાઈ પ્રજપતી, સંતોકબન રામસુખભાઈ પ્રજાપતિ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામી બાજુ સંતોકબેને કરેલ ફરિયાદ અનુસાર તેમના દિકરો અંકિતે ગાડી ખુલ્લી જગયામાં પાર્ક કરેલી જેથી દેવીકાબેનની ચડામની થી તેમના ભાઈ દીપકભાઈ હાથમાં ઉંધી કુહાડી લાઈ અમરતભાઈના માથામાં મારી અને કેવલભાઈ લાકડી વડે માર મારી બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા સંતોષબેને દીપકભાઈ કેવલભાઈ પ્રજાપતિ, કેવલભાઈ ભીખાભાઈ પ્રજાપતિ, લક્ષમનભાઈ કેવલભાઈ પ્રજાપતિ, અને દેવિકાબેન કેવલભાઈ પ્રજાપતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લામાં યોજાયેલા લોકસંપર્ક કાર્યક્રમમાં વિવિધ વિભાગોના વણ ઉકલ્યા પ્રશ્નોનો નિકાલ કરાયો

મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લામાં લોકસંપર્ક અભિયાન અંતર્ગત મોડાસા ખાતે જિલ્લા કલેક્ટર




કચેરીએ પ્રભારી મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિભાગોને લગતા વણ ઉકલ્યા પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી એસ.એમ. ખાંટ મોડાસા મંડલ પ્રમુખ હસમુખભાઈ પટેલ, મહામંત્રી અંકિતભાઈ પટેલ, વસંતભાઈ પટેલ, જીવણભાઈ રબારી, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રી સુભાષભાઈ શાહ ઉપસ્થીત રહ્યા હતા.

જિલ્લા ભરમાંથી વિવિધ પ્રશ્નો સાથે નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સરકારની યોજનાઓ અને સરકારને લગતા પડતર પ્રશ્નો સરકારને લગતા વ્યકિતગત પ્રશ્નોના મળવાપાત્ર લાભ અને લાભાર્થીને મળવાપાત્ર સહાય રોડ-રસ્તા, લાઈટ, પાણીના પ્રશ્નો અંગે લાભાર્થીઓના મુખે રજુઆત સાંભળતા પ્રભારી મંત્રી ધ્વારા લાભાર્થી અને રજુઆત કરતા સીધો સંવાદ સાંભળી અને પ્રશ્નોનું નિરાકરણ લાવવા અધિકારી ધ્વારા તે અંગે સાચી પરિસ્થિતિ જાણી અને નીરાકરણ લાવવામાં આવ્યા હતા.

મહામંત્રી અંકિતભાઈ પટેલે સમગ્ર જિલ્લાને સ્પર્શતા મહેસુલી વિભાગના પ્રશ્નો રજૂ કરતા સબંધિત વિભાગોને સ્થળ ઉપર જ પ્રભારી મંત્રીએ સૂચના આપી હતી.

# કરજોડા પાસે ટ્રેન નીચે મોતની છલાંગ લગાવતા પ્રેમી પંખીડા

પાલનપુર તાલુકાના કરજોડા નજીક ગામના જ યુવક - યુવતીએ ગત વહેલી સવારે ટ્રેન નીચે મોતની છલાંગ લગાવી જીવનલીલા સંકેલી લેતા ચકચાર જવા પામી હતી.

પાલનપુર તાલુકાના કરજોડા ગામમાં રહેતા અલગ જ્ઞાતિના પ્રેમી પંખીડામાં ૧૯ વર્ષીય વિક્રમ હિરજીભાઈ પરમાર અને ૧૭ વર્ષીય કિંજલબેન દિનેશભાઈ રાઠોડની આંખો મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પ્રાગર્યો હતો. જોકે, સમાજ અલગ હોવાથી એક થવાનું અસંભવ લાગતાં રવિવારે વહેલી સવારે ગામ નજીક ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી સાથે જીવવા - મરવાના કોલ નિભાવ્યા હતા. ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ ગ્રામજનો મોટી સઁખ્યામાં ત્યાં દોડી ગયા હતા. જ્યાંથી બન્નેના મૃતદેહ પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પી.એમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં સરકારના આદેશાનુસાર ૯ થી ૧૫ વર્ષના તમામ વિદ્યાર્થીઓને આવનાર સમયમાં કોઈપણ જાતના રોગનો ભોગ ના બને તે માટે સમગ્ર ભિલોડા તાલુકામાં રસીકરણનો પ્રારંભ આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાંથી કરવામાં આવ્યો. રસીકરણના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. વૈષ્ણવે જણાવ્યું હતું કે રસી લેવાના કારણે ભવિષ્યમાં કોઈપણ રોગ થવાની શક્યતા ખુબ જ ઓછી થઈ જાય છે.